# ગુજરાત માહિતી બ્યુરો

## ગુજરાત સરકાર, ગાંધીનગર

**૨૬ ડિસેમ્બર-૨૦૧૭** **સ...સં. ૧૭૫૨**

આ પ્રેસનોટ www.gujaratinformation.net વેબસાઇટ ઉપર પણ ઉપલબ્ધ છે


## મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી

.. .. .. .. .. ..

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીનો 'તાજ' જેમના પર તા.૦૭-૦૮-૨૦૧૬થી પહેરાવાયો છે એવા શ્રી વિજયભાઈ રૂપાણી એક નોખું-અનોખું વ્યક્તિત્વ ધરાવનારી સૌમ્ય પ્રતિભા છે.

સંઘના સંસ્કાર, શિસ્ત અને સતત પરિશ્રમનો પ્રભાવ એમની કારકિર્દીના પ્રારંભિક પાસાં રહ્યાં છે, ક્રાંતિનો મહિનો ર ઓગસ્ટ ૧૯૫૬ના રોજ જન્મ. આજે ૬૧મા વરસે એમના શિરે એક અપૂર્વ દાયિત્વ માટે આધારભૂત રહ્યો છે.

બાળપણથી જ રાષ્ટ્રીય સ્વયંસેવકના સંગઠનના રંગે રંગાયેલ વિજયભાઈની જીવનશૈલી એક અણીશુદ્ધ, કર્મશીલ કાર્યકરને શોભે તે રીતે આગળ ધપતી રહી. વિદ્યાર્થી વયથી જ રાષ્ટ્રસેવા, દેશપ્રેમના સંસ્કારનું એમનામાં સિંચન થતું રહ્યું. જૈન પરિવાર અને જન્મજાત શ્રેષ્ઠીના સંસ્કાર એમની પ્રતિભાનું પ્રબળ પાસું બની રહ્યાં. જન્મ્યા બર્માના રંગુનમાં પણ જીવન ઘડતર અને સંગઠનના ગુણોનું ચણતર રાજકોટમાં થયું. જવાબદારી વહન કરવાની એમની ક્ષમતા અને તત્પરતાને કારણે એ જ્યાં જ્યાં જોડાયા ત્યાં વિજયનું હીર ઝળકી રહ્યું, એ જવાબદારી પછી સંઘ-કાર્ય માટેની હોય કે નવનિર્માણ આંદોલન સમયે છાત્ર સંઘર્ષ સમિતિ માટે હોય, રૂપાણીએ ક્યાંય પાછી પાની કરી નથી. રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કોલેજમાંથી બી.એ. (POLITICAL SCIENCE) અને એમ. એમ. પી. લૉ કોલેજમાંથી એલએલ. બી.નો અભ્યાસ કર્યો. નાનપણથી જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સંસ્કારમાં ઉછરેલા શ્રી વિજયભાઈએ પોતાના અભ્યાસકાળ દરમિયાન અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદને સમર્પિત રહીને વિદ્યાર્થી હિત માટે સતત ખેવના કરી. તેઓ ધર્મેન્દ્રસિંહજી કોલેજમાં સ્ટુડન્ટ યુનિયનના (GS) જનરલ સેક્રેટરી પદે જંગી બહુમતીથી ચૂંટાયા હતા.

- કર્તૃત્વનું નેતૃત્વ-સફળ આંદોલનકારઃ

એમનામાં આગેવાની લેવાની ઇન્તેજારી પ્રબળ હોવા છતાં સ્વભાવિક લો-પ્રોફાઇલમાં રહી પોતે કાર્યની સમજ અને કાર્યકરો સાથેનો સમન્વય જાળવી જાત સાથેની વાતમાં વધુ મજબૂત બનતા રહ્યા. રાષ્ટ્ર નાયક સ્વ. જયપ્રકાશ નારાયણ જેવી વિભૂતીની વિચારસરણીના વાહક બની એમણે ભ્રષ્ટાચાર વિરોધી ચળવળમાં પોતાની પ્રબળ ઇચ્છાશક્તિને કામે લગાડી અને કોલેજ કાળમાં યુવાનીની ઊર્જાનો ઉત્તમ ઉપયોગ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનું કાર્ય સંભાળવામાં કર્યો. વિદ્યાર્થી કાળ દરમિયાન તેઓએ ઈ.બી.સી. (ઈકોનોમિકલ બેકવર્ડ ક્લાસ)ની ફી માફી મર્યાદા વધારવાના આંદોલનનું નેતૃત્વ સંભાળીને આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓના હિતમાં જબરજસ્ત સંઘર્ષ કર્યો.

- કટોકટી વખતે જેલવાસ... સૌથી નાની વયેઃ

લોકશાહીના આત્માને પવિત્ર પ્રેરકતા સાથે શ્રેષ્ઠતા તરફ પહોંચાડવા એ સદા કૃતનિશ્ચયી બન્યા હતા. શ્રીમતી ઇન્દિરા ગાંધી દ્વારા ૧૯૭૫માં લાદવામાં આવેલી કટોકટી વખત જેલયાત્રા પણ ખેડી હતી. ભૂજ અને ભાવનગરની જેલમાં એક વર્ષ સુધી જેલમાં લોકશાહીના ટેકેદાર તરીકે તત્પર બની રહ્યા અને એ પણ સૌથી નાની વયે. તત્કાલિકન શાસકોએ લોકશાહીને ગળે ટૂંપો દઈને કટોકટી લાદી ત્યારે ૧૯૭૬માં જુલ્લી 'મીસા'ના કાયદા હેઠળ જેલમાં જનારા સૌથી નાની વયના કાર્યકર શ્રી વિજયભાઈ રૂપાણી હતા. તેમણે 'મીસા' હેઠળ એક વર્ષ સુધી કારાવાસ ભોગવ્યો.

- ભાજપમાં સક્રિયઃ

સેવા અને સમર્પણની આંતરિક તાલાવેલી એમને શહેરના સ્થાનિક રાજકારણમાં ખેંચી લાવી અન્યાયને પડકારવો એ એમની હિંમત બની ત્યારે માત્ર ૨૪ વર્ષની વયે એમણે ભાજપમાં સક્રિય પદાર્પણ કર્યું.

પછી તો રાજકારણ થકી જનસેવાની કેડી પર એમનું કર્મઠ પ્રયાણ શરૂ થયું. રાજકોટ શહેરમાં મહામંત્રી તરીકે અને ૧૯૮૭માં કોર્પોરેટરના રૂપમાં ગતિશીલ બન્યું. રાજકોટને એક ઉત્તમ નગરી બનાવવા શ્રી વિજયભાઈ એમની સૌજન્યમય શૈલીને કામે લગાડતા રહ્યા. વિદ્યાર્થી કાળ પછી સક્રિય રાજનીતિમાં પદાર્પણ કર્યા પછી ભારતીય જનતા પાર્ટીના રાજકોટ મહાનગરના એકમની વિવિધ જવાબદારી સંભાળી અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ૧૯૮૭ની ચૂંટણી દરમિયાન ચૂંટાયા બાદ સ્ટેન્ડીંગ કમિટીના અધ્યક્ષ તરીકે પાર્ટીએ તેમને જવાબદારી સોંપી ત્યારે આ પદ સંભાળનાર તેઓ સૌથી નાની વયની વ્યક્તિ હતા.

નગર નિયોજનમાં એમની નજર સ્વચ્છતા તરફ વધુ શાર્પ હતી. શહેરમાં આરોગ્ય અને સ્વચ્છતા અંગે વધુ ધ્યાન અપાય એ સંદર્ભે એમની વરણી “ડ્રેનેજ કમિટી”ના ચેરમેન તરીકે કરાઇ. આરોગ્ય બાદ શિક્ષણનો વ્યાપ વધે તેવા સ્થાનિક પ્રયાસોમાં એ સતત સામેલ રહ્યા. સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન તરીકે સતત આઠ વર્ષ ૧૯૮૮ થી ૧૯૯૬ સુધી કાર્યરત રહ્યા ત્યારબાદ રાજકોટના મેયર તરીકે ૧૯૯૬ થી ૧૯૯૭ સુધી પદ પર રહી અનેક વિકાસના કામો કર્યા. તેમના જૈન સંસ્કારને અનુરૂપ "વિવાદ નહીં સંવાદ"ના ધ્યેય સાથે રાજકોટના સર્વાંગી વિકાસ માટે ઢગલાબંધ પ્રકલ્પો, કાર્યક્રમો હાથ ધર્યા અને દીર્ઘદૃષ્ટિવાળા વહીવટદાર તરીકે તેમની અમીટ છાપ જાહેર જીવન પર પડી.

રાજકોટના મેયર તરીકે ચૂંટાયા અને વહીવટી અનુભવ અને વ્યવહાર કુશળતાને કારણે રાજકોટની વિકાસની ગતિ વધુ તેજ બની. તેમના સમયગાળા દરમિયાન કેન્દ્રના વિદેશ મંત્રાલયની મંજૂરી સાથે રાજકોટ અને યુ.કે.ના લેસ્ટર વચ્ચે "TWIN CITY"ના ઐતિહાસિક કરાર થયા, જે ત્યારે કોઈપણ ભારતીય શહેરના કોઈપણ વિદેશ શહેર સાથેના પ્રથમ કરાર હતા. આ કરારથી રાજકોટના વિકાસનું વધુ એક દ્વાર ખૂલ્યું. પ્રત્યેક કાર્યમાં એમની પ્રતિબદ્ધતા અને સહકાર્યકરોમાં સેવાપરાયણતાનું જોમ રેડવાની એમની ક્ષમતાએ એમની રાજકીય પ્રગતિની ગતિમાં તેજી લાવી દીધી.

જનહિતમાં એક કુશળ વહીવટદાર તરીકે પ્રસ્થાપિત થયેલા શ્રી વિજયભાઈ રૂપાણી એક અચ્છા અને બાહોશ આર્થિક - નાણાકીય નિષ્ણાત પણ છે અને સૌરાષ્ટ્ર - કચ્છ સ્ટોક એક્સચેંજ જેવી માતબર અને પ્રભાવી સંસ્થાના અધ્યપદે રહીને અર્થવ્યવસ્થાપન ક્ષેત્રે પોતાની કાબેલિયત પૂરવાર કરી ચૂક્યા છે.

- પ્રદેશ ભાજપમાં મહામંત્રી અને પ્રદેશ પ્રવક્તાઃ

એમની સૌમ્ય સમજદાર અને છટાદાર વાણીના પ્રતાપે પ્રદેશ ભાજપના પ્રવક્તા અને મહામંત્રી તરીકે પસંદગી પામ્યા. પક્ષના શીર્ષઆગેવાનો સાથેની એમની વૈચારિક લયબદ્ધતા અને અદના કાર્યકર્તા સાથેની એમની આત્મીયતા, પક્ષના વિકાસ માટેની મજબૂત કડી તરીકે ઉભરી આવ્યા. પક્ષના પ્રદેશ પ્રવક્તા તરીકે એમની વિચક્ષણતા, પક્ષની નીતિ અને સિદ્ધાન્તો તથા રોજબરોજની રાજકીય સ્થિતિની સચોટ જાણકારી સાથેના સ્પષ્ટીકરણો થકી એમણે સત્યપરાયણતા માટેના અનેક સમીકરણો બદલી નાખ્યાં.

રાજકોટમાં તેમના નેતૃત્વ હેઠળ ભારતીય જનતા પાર્ટીએ કરેલી એકધારી આગેકૂચને ધ્યાનમાં રાખીને ભાજપાની નેતાગીરીએ શ્રી વિજયભાઈ રૂપાણીને ગુજરાત પ્રદેશ ભાજપાના મહામંત્રી તરીકે પણ જવાબદારી સોંપી અને જામનગર - કચ્છ - જૂનાગઢ - પોરબંદર વગેરે જિલ્લામાં પ્રભારી તરીકે તેમણે કાર્યભાર સંભાળીને અનેક પ્રસંગે ભાજપાને ફતેહ અપાવી.

સંગઠક આગેવાનો સાથેનો એમનો તાલમેલ અદભુત રહ્યો. ભાજપ પ્રદેશ પ્રમુખો સાથેની એમની સહાયક સક્રિયતા પક્ષના પ્રદેશ મહામંત્રીના હોદ્દાની ગરિમા વધારનારી બની. ગુજરાત પ્રદેશ પ્રમુખ તરીકે શ્રી રાજેન્દ્રસિંહ રાણા, શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા અને તત્કાલિન પ્રદેશ પ્રમુખ શ્રી આર. સી. ફળદુ વગેરે માટે એક આદર્શ સહભાગી બની રહ્યા.

૨૦૦૬ના વર્ષને 'પ્રવાસન વર્ષ' તરીકે ઉજવવાના ગુજરાત સરકારે કરેલા નિર્ણય પછી પ્રવાસન વર્ષ દીપી ઊઠે તે આશયથી શ્રી વિજયભાઈ રૂપાણીને તા. ૧લી જાન્યુઆરી, ૨૦૦૬ના રોજ ગુજરાત પ્રવાસન નિગમના અધ્યક્ષપદે નિયુક્ત કર્યા. જે કામગીરી તેમણે તા. ૧૩-૦૩-૨૦૦૬ સુધી ખૂબ જ જવાબદારી સાથે વહન કરી.

જવાબદારીઓ વધતી ચાલી, જનતાનો વિશ્વાસ જીતતા ગયા કાર્યકરોમાં પોતાની કર્મઠતાનો પ્રતાપ વધારતા ગયા તેમ તેમ વરિષ્ઠોનો વિશ્વાસ પણ એમની આગળની યાત્રાને ઉજળી બનાવતો રહ્યો.

એક કુશળ વહીવટકાર અને વાણીની પ્રખરતા સાથેની વિનમ્રતા અને સૌજન્ય એમના વ્યક્તિત્વના ઉજળા પાસાં છે. એક કુશળ સંગઠક, વ્યવહારકુશળ વહીવટકર્તા, પ્રતિબદ્ધ કાર્યકર, અર્થવ્યવસ્થાપનના નિષ્ણાત તરીકે સતત સમાજ પ્રત્યે સમર્પિત રહી કાર્ય કરતા રહ્યા. નાનામાં નાના કાર્યકરને પીછાણી લેવામાં એમનામાં રહેલી માનવીય લાગણી, પીઢતા અને સલુકાઇ શ્રેષ્ઠતાએ પહોંચેલાં છે. વણીક હોવાને નાતે સત્ય અહિંસાને ધર્મ ગણી આગળ વધતા રહેવાની કુનેહ ધરાવે છે.

ગુજરાતની ગતિશીલતા, સૌનો સાથ સૌનો વિકાસ અને સ્વચ્છ ગુજરાત એ એમની અગ્રિમતાને સાથે રાખી માન. વડાપ્રધાન શ્રી તથા માન. મુખ્યમંત્રીશ્રીની નીતિઓને સામાન્ય જનના કલ્યાણ માટેનો સમન્વય એમના અંતરે વસ્યો છે.

માધ્યમો અને પત્રકારો સાથે એક પીઢ પ્રવક્તાના રૂપમાંથી શ્રી વિજયભાઈની ઠાવકાઇ, સૂઝબૂઝ અને સમગ્ર સ્થિતિઓ અંગેની જાણકારી એમનું પ્રવક્તા તરીકેનું વિચક્ષણ પાસું છે.

વિજયભાઈ સારી રીતે અવગત છે કે, પક્ષના પાયાની મજબૂતીમાં અદના કાર્યકરોનો આદર એ મૂળમંત્ર ગણાય સહકાર્યકરો હોય કે સાવ છેવાડાના વિસ્તારનો નાનો કાર્યકર હોય, સૌ કોઇને માટે વિજયભાઈ સુધી પહોંચવું સરળ અને સુગમ બનાવવાનો એમનો સ્વભાવે એમને સૌના આદરણીય બનાવ્યા છે. ગુજરાતની ગતિશીલતાનો મંત્ર જરાય ઝાંખો ન પડે. સર્વત્ર જનતા જનાર્દનની અપેક્ષાનો જ વિજય થતો રહે. પક્ષ સંસ્થા અને શાસનની સમન્વયતા થકી કપરા સંજોગોમાં પણ વિજયભાઈનું હીર, રાજ્યની ગતિશીલતા માટે ઝળકતું રહે.

યુવા પેઢી માટે શિક્ષણ રોજગારી અને કારકિર્દીનું ઘડતર એ મહત્ત્વપૂર્ણ પ્રશ્નો રહ્યા છે જેની જાણકારી સાથે પક્ષના આ મહત્ત્વપૂર્ણ હોદ્દા પર જ્યારે એ આરૂઢ થાય છે ત્યારે સૌ કોઇની અપેક્ષાઓને નવો આધાર મળશે એ નિશ્ચિત બાબત છે

વિજયભાઈ રહ્યા સંગઠનના માણસ. વ્યક્તિ વિકાસની કેડી પરથી સમાજ વિકાસને કંડાનારા. સમાજ વિકાસની વાત લઇને રાષ્ટ્ર વિકાસ સુધીની મજલ કાપવા જનાંદોલનનું જોમ એમની વાણીમાં રહ્યું. ભારતીય જનતા પક્ષ તરફની નિષ્ઠા વિજયભાઈની રગેરગમાં સમાઇ છે.

- ચેરમેન - સંકલ્પ પત્ર અમલીકરણ સમિતિઃ

૧૯૯૮ થી ૨૦૦૨ રાજ્ય સરકારમાં સંકલ્પ પત્ર અમલીકરણ સમિતિના અધ્યક્ષ તરીકે જવાબદારી સંભાળી. ત્યાર બાદ ૨૦૦૬માં ગુજરાત પ્રવાસન નિગમના ચેરમેન તરીકેની એમની કામગીરી થકી ખુશ્બુ ગુજરાતની સમગ્ર દેશ અને પરદેશના પ્રવાસીઓ માટે માટીની મહેક અને હસ્ત કારીગરોની રોજગારની તકોને દ્વિગુણી કરવામાં આગળ વધ્યા.

- રાજ્યસભાના સદસ્ય - સાંસદઃ

ત્યાર બાદ ૨૦૦૬-૧૨ સુધી રાજ્યસભાના સભ્ય રહી સાંસદ તરીકે જવાબદારી વહન કરી. આ દરમ્યાન કેન્દ્ર સરકારની વોટર રિસોર્સ કમિટી, સબઓર્ડીનેટલોજી સ્ટેશન કમિટી, હ્યુમન રીસોર્સ ડેવલોપમેન્ટ કમિટી, પેપર લેડ ઓન ટેબલ કમિટી, ફુડ, કસ્ટમ અફેર્સ એન્ડ પબ્લિક ડીસ્ટ્રીબ્યુશન કમિટી, પબ્લિક અન્ડર ટેકિંગ કમિટી જેવી જુદી જુદી કમિટીઓમાં સભ્ય તરીકે કામગીરી કરી.

- ચેરમેન-ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડઃ

૨૦૧૩માં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના ચેરમેન તરીકેની કામગીરી સંભાળી અને ૧૫૯ જેટલી નગરપાલિકાઓને વિકાસની દિશા આપી. તેમની વહીવટી સૂઝ અને રાજકોટ મહાનગરના 'સ્ટેન્ડીંગ કમિટી'ના ચેરમેન તરીકેના આઠ વર્ષના અનુભવના આધારે તેમણે ગુજરાતની ૧૫૯ નગરપાલિકાઓને વિકાસની નવી દિશા સૂચવી, અને સુચારુ વહીવટનો શંખનાદ ફૂંક્યો.

- રાજકોટ-૬૯ ધારાસભ્ય અને રાજ્ય સરકારમાં કેબીનેટ મંત્રીઃ

વર્ષ ૨૦૧૫માં રાજકોટ-૬૯ની બેઠકના ધારાસભ્ય બન્યા જેમાં જંગી બહુમતી, એમની પ્રજાને પારખવાની ક્ષમતાના પારખા રૂપ બની. કેબીનેટ મંત્રી તરીકે વાહન વ્યવહાર, પાણી પુરવઠા ખાતા અને શ્રમ અને રોજગાર વિભાગનો હવાલો હાથમાં લીધો.

પાણી પુરવઠામાં કામકાજોના વિલંબની વાતો વિજયભાઈની કાર્યક્ષમતાને કારણે બંધ થઇ. સૌરાષ્ટ્રની સૂકી ધરતીને લીલોતરી અને હરીયાળીમાં ફેરવી દુષ્કાળને ભૂતકાળ બનાવી મંત્રી તરીકે અપાર લોકચાહના મેળવી. વિજયભાઈ હવે સંગઠનસર બની પ્રદેશ ભાજપનું નેતૃત્વ કરશે. “શ્રમયોગી કલ્યાણ મેળા”, “નવા લેબર લો” અને “યુવીડી કાર્ડ” જેવી છેવાડાના માનવીની સવલતો યુક્ત યોજના વિજયભાઈએ તરતી મૂકી.

સંસ્થા અને સરકારમાં સત્તાનાં સમીકરણો બદલાતાં હોય ત્યારે પણ કુનેહથી કામ પાર પાડવામાં એમનો પ્રભાવ કામે લાગતો રહ્યો. નેપથ્થમાં રહી સૌજન્યપૂર્ણ સલુકાઇ સાથે વિજયભાઈએ પક્ષના કટોકટી કાળમાં પ્રશંસનીય કામગીરી સંભાળી. સૌરાષ્ટ્રના પ્રભારી તરીકે એમની સંગઠન ભૂમિકા થકી પક્ષને એ વિસ્તારમાં અખંડિત રાખી પ્રાણવાન બનાવવામાં એમનું પ્રદાન સદા પ્રભાવી રહ્યું.

- ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખઃ

તા. ૧૯ ફેબ્રુઆરી ૨૦૧૬ને શુક્રવાર, મહારાજા છત્રપતિ શિવાજી મહારાજ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના દ્વિતીય સરસંઘચાલક પૂ. શ્રી ગોલવલકરજી - 'ગુરૂજી'ના જન્મ દિવસે ગુજરાત ભારતીય જનતા પક્ષના પ્રદેશ પ્રમુખ તરીકે નિમણૂક થઈ હતી. તેમની નવી 'જવાબદારી'ને પક્ષના વરિષ્ઠો અને નાનામાં નાના કાર્યકરોએ વધાવી લીધી હતી. 'સંગઠનના માણસ' તરીકે ઓળખાતા વિજયભાઈએ, પ્રદેશ પ્રમુખ બન્યા બાદ પક્ષને આગામી પડકારો સામે સજ્જ કરવા 'ધૂણી ધખાવી'ને કાર્ય આરંભ્યું. કૃષિ સંમેલનો, મહિલા સંમેલનો, મહિલા સંમેલનો, યુવા સંમેલનો ઉપરાંત પ્રશિક્ષણ શિબિરોની શ્રૃંખલા મારફત તેમણે કાર્યકરને દોડતો કર્યો, લોકાભિમુખ બનાવ્યો.

- ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી પદે :

૦૭ ઓગસ્ટ ૨૦૧૬ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે બપોરે ૧૨.૦૦ કલાકે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી તરીકેના શપથ લીધા અને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકે શ્રી વિજયભાઈ રૂપાણીને ભારતીય જનતા પાર્ટીના "મોવડી મંડળે" સત્તા સ્થાને આરૂઢ કર્યા.

- મુખ્યમંત્રી તરીકેની કામગીરીઃ
  - o યુવાનો માટે મહત્ત્વપૂર્ણ નિર્ણયઃ

રાજ્ય સરકાર વર્ગ-૩ની જગ્યાઓ પર સીધી ભરતીમાં પ્રતિક્ષા યાદીનું કદ ૧૦ ટકા થી વધારીને ૨૦ ટકા કરાયું વર્ગ-૩માં સીધી ભરતી પામેલ વ્યક્તિની જગ્યા એક વર્ષની અંદર સંજોગોવશાત ખાલી પડે તો તે જ કેટેગરીના પ્રતિક્ષા યાદીના ઉમેદવારથી ભરવામાં આવશે. આ નિર્ણય માન. વિજયભાઈની અધ્યક્ષતામાં મળેલ પ્રથમ કેબિનેટ બેઠકમાં લેવામાં આવ્યો.

  - O સુશાસનના ચાર આધાર સ્તંભ પર કાર્યરતઃ

મુખ્યમંત્રી તરીકે શપથ લીધા બાદ માન. શ્રી વિજયભાઈ રૂપાણીએ સુશાસનના ચાર આધાર સ્તંભ કાર્યાન્વિત કર્યા.

- પારદર્શક સરકાર
- સંવેદનશીલ સરકાર
- નિર્ણાયક સરકાર
- પ્રગતિશીલ સરકાર

  - o સુજલ સૌરાષ્ટ્ર, સમૃદ્ધ ગુજરાતઃ

મુખ્યમંત્રી બન્યાના ગણતરીના દિવસોમાં સૌરાષ્ટ્રની ધરા ઉપર નર્મદાના અવતરણનું ભગીરથ કાર્ય કરવામાં આવ્યું. ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સેવેલું શોણલું તેમના હસ્તે જ સાકાર થયું. નર્મદા નદીનું એક મિલીયન એકર ફૂટ પાણી સૌરાષ્ટ્રની કાયાપલટ કરશે.

  - o ટોલ ટેક્સમાંથી મુક્તિઃ

૧૫ ઓગસ્ટથી રાજ્ય હાઈવે પર નાના વાહનોને ટોલ ટેક્સમાંથી મુક્તિ આપવામાં આવી જેના લીધે દૈનિક ૮૬૦૦૦ થી વધુ વાહન ચાલકોને લાભ મળશે.

  - o રાજ્ય સરકારના કર્મયોગીઓને ૭મા પગારપંચનો લાભઃ

રાજ્ય સરકારના કર્મચારીઓને કેન્દ્ર સરકારની ભલામણ અનુસાર ૭મા પગાર પંચનો ૧લી ઓગસ્ટ ૨૦૧૬થી લાભ આપવામાં આવ્યો. ૭માં પગારપંચ આપવામાં ગુજરાતે પ્રથમ રાજ્ય બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું.

  - o ખેડૂતોને ૧૦ કલાક વીજળીઃ

કૃષિ અને કૃષિકારોને પ્રાધાન્ય મળે તે માટે ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો. ખેડૂતોને વીજળી ૮ કલાક મળતી હતી તેને વધારી હવે ૧૦ કલાક વીજળી આપવાની મહત્ત્વપૂર્ણ જાહેરાત મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવી.

  - o ખેડૂતોના હિતમાં લોકાભિમુખ સુધારાઃ

જમીન સંપાદન અધિનિયમ ૨૦૧૩ના અમલીકરણમાં ઘણી વિસંગતાઓ હતી. ખેડૂતોને પુનઃસ્થાપના કે પુનર્વસનની જોગવાઈ જટિલ હતી. લાંબી પ્રક્રિયા બાદ જમીન માલિકોને પૂરતું વળતર મળતું ન હતું. સુધારા વિધેયક ૨૦૧૬ને તા. ૮ ઓગસ્ટના રોજ રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી ગઈ. વિધેયકનો ૧૫ ઓગસ્ટથી અમલ શરૂ થયો.

o આઠમી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ

સાતત્યપૂર્ણ આર્થિક અને સામાજિક વિકાસના લક્ષ્ય સાથે “પૂર્વની દાઓસ” તરીકે પ્રસિદ્ધ, આઠમી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં મહાત્મા મંદિર ખાતે તા. ૧૦ થી ૧૩ જાન્યુઆરી ૨૦૧૭ દરમિયાન યોજાઇ હતી. ૧૨ જેટલા દેશોના વડાઓ, વૈશ્વિક ઉદ્યોગગૃહોના સુત્રધારો અને હજારો બૌદ્ધિકોની ઉપસ્થિતિમાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલમાં ઉપસ્થિત રહ્યા હતાં.

o એલઈડી બલ્બના ભાવો ઘટાડવાનો નિર્ણય

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીએ ઉજાલા યોજના અંતર્ગત ગુજરાતના લોકો તરફથી મળેલા અદભુત પ્રતિસાદના કારણે એલઈડી બલ્બની કિંમત ઘટાડવાનો નિર્ણય લીધો. રાજ્યમાં બલ્બ રોકડામાં રૂપિયા ૬૫માં એક બલ્બ અને ઈએમઆઈમાં રૂપિયા ૭૦માં એક બલ્બના ભાવે વેચાશે અને રહેણાંક તેમજ વ્યાપારિક ગ્રાહકો માટે એકજ ભાવ રહેશે. શ્રી વિજય રૂપાણીએ કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા ઘરેલુ કાર્યક્ષમ ઉજાસ કાર્યક્રમ હેઠળ એલઈડી ટ્યુબ લાઈટ અને ફાઈવ સ્ટાર રેટિંગના ઉર્જાક્ષમ પંખા વેચવાનું શરૂ કરવાનો નિર્ણય લીધો છે. તેમના નિર્ણય અનુસાર, ૨૦ વૉટની એક એલઈડી ડ્યુબ લાઈટ ગ્રાહકને રોકડામાં રૂ. ૨૧૦માં આપવામાં આવશે જે કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરાયેલી કિંમત કરતા ૨૦ રૂપિયા ઓછા ભાવે મળશે. ફાઈવ સ્ટાર રેટિંગ વાળા ઉર્જાક્ષમ પંખા રૂ. ૧,૧૧૦માં વેચવામાં આવશે જે સમગ્ર દેશમાં કેન્દ્ર સરકારે નક્કી કરેલી કિંમત કરતા ૪૦ રૂપિયા સસ્તા ભાવે અપાશે. એલઈડી ડ્યુબ લાઈટ અને પંખાની ઈએમઆઈ કિંમત અનુક્રમે રૂ. ૨૩૦ અને રૂ. ૧૨૬૦ રહેશે

o અટલ સ્નેહ યોજના ગુજરાત

ગુજરાતની રાજ્ય સરકાર ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના જન્મ દિવસ ૨૫ ડિસેમ્બરના રોજ અટલ સ્નેહ યોજના (એએસવાય) શરૂ કરી છે. ગાંધીનગર ખાતે રાજ્યવ્યાપી શાળા સ્વાસ્થ્ય કાર્યક્રમના પ્રારંભ વખતે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ યોજનાની જાહેરાત કરી હતી. અટલ સ્નેહ (SNEH) (સ્ક્રિનિંગ ઓફ ન્યૂબોર્ન ફોર એન્હેસ્મેન્ટ ઓફ હેલ્થ) યોજના નવજાત શીશુઓમાં કોઈપણ ખામીની તપાસ કરવા માટે ખાસ શરૂ કરવામાં આવી છે.

o ૬,૦૦૦ ગામડા ડિજીટલ હાઈવે સાથે સંકળાયા

ગાંધીનગર ખાતે, ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ બુધવારે તારીખ ૮મી સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ ૬,૦૦૦ ગામડાને જોડતો સૌથી હાઈસ્પીડ ડિજીટલ કનેક્ટિવિટી (જીસ્વાન) પ્રોજેક્ટ લોન્ચ કર્યો હતો અને ૧૮,૦૦૦ ગામડામાં આ સેવાઓ પહોંચાડવા માટે સરકારની કટીબદ્ધતા વ્યક્ત કરી હતી. ડિજીટલ ઈન્ડિયાનું વિઝન સાર્થક કરવા માટે ઈ-ગ્રામ વિશ્વગ્રામની સિદ્ધિ હાંસલ કર્યા બાદ ૬,૦૦૦ ગામડાઓમાં કનેક્ટિવિટી સુવિધા આપીને ગુજરાત ડિજીટલ ક્રાંતિ તરફ આગળ વધ્યું છે.

o નર્મદા ડેમના દ્વાર બંધ કરીને ઉઘાડ્યા સમૃદ્ધિના દ્વાર

ગુજરાતની જળસમસ્યાને તિલાંજલી આપવા માટે સક્ષમ એવી નર્મદા યોજના આજે રાજ્યના ઉજ્જવળ દ્વાર ખોલવાના તબક્કે પહોંચી ચુકી છે. નર્મદા નિયંત્રણ ઑથોરિટીની નવી દિલ્હી ખાતે મળેલી બેઠકમાં સરદાર સરોવર બંધના દરવાજા બંધ કરવાની અનુમતિ તા. ૧૭-૦૬-૨૦૧૭ ના રોજ આપી દેવામાં આવી હતી. હરખને તેડાં ના હોય તેમ માનતા ગુજરાતના માન. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રુપાણીએ તાત્કાલિક કેવડિયા કૉલોની ખાતે પહોંચી જઇને ગુજરાતની આ મહત્વકાંક્ષી ડેમ યોજનાના દરવાજા બંધ કરીને ડેમની પાણી સંગ્રહ ક્ષમતા લગભગ ત્રણ ગણી વધારી દીધી હતી. આ દરવાજા બંધ થવાથી ગુજરાતના કૃષિ અને ઉદ્યોગ જગતના વિકાસના દરવાજા ખુલ્યા છે.

૨૦૧૭ વિધાનસભાની સામાન્ય ચૂંટણીઃ

૨૦૧૭ની ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ ભારતીય જનતા પાર્ટી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ નીચે લડી અને સતત છઠ્ઠી વાર ગુજરાતમાં સત્તા હાંસલ કરવામાં ભાજપા સફળ રહી.

શ્રી વિજયભાઈ રૂપાણી પોતે રાજકોટ (પશ્ચિમ)માંથી ભાજપાના ઉમેદવાર તરીકે ૫૪,૦૦૦ની ધીંગી સરસાઈ સાથે વિજયી નીવડ્યા અને એક લોકપ્રિય નેતા તરીકે તેમની છબી બરકરાર રહી.

o પુનઃ મુખ્યમંત્રી પદેઃ

વિધાનસભામાં બહુમતી મેળવવામાં શ્રી વિજયભાઈનું નેતૃત્વ અને દિશાસૂચકનું યોગદાન મહત્વનું રહ્યું અને તેથી ૨૨મી ડિસેમ્બર-૨૦૧૭ના રોજ મળેલી ભારતીય જનતા પાર્ટીનો વિધાનસભા પક્ષની બેઠકમાં તેમને પક્ષના નેતા તરીકે એટલે કે મુખ્યમંત્રી તરીકે ફરી એકવાર સર્વાનુંમતે પસંદ કરાયા હતા.

ગુજરાત માહિતી બ્યુરો
ગુજરાત સરકાર, ગાંધીનગર

૨૬ ડિસેમ્બર-૨૦૧૭ સ...સં. ૧૭૫૩

આ પ્રેસનોટ www.gujaratinformation.net વેબસાઇટ ઉપર પણ ઉપલબ્ધ છે

# નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલનો વિશેષ પરિચય

.. .. .. .. .. ..

શ્રી નીતીનભાઇ પટેલ ૨૫-મહેસાણા વિધાનસભા મતક્ષેત્રમાંથી ચૂંટાયા છે. તેમનો જન્મ તા. ૨૨મી જૂન ૧૯૫૬ના રોજ થયો છે. વાણિજ્યના સ્નાતક એવા શ્રી પટેલના વ્યવસાયનું ક્ષેત્ર કોટન જીનીંગ એન્ડ પ્રેસીંગ ઇન્ડસ્ટ્રીઝ તથા ઓઇલ ઇન્ડસ્ટ્રીઝ છે. તેઓ આઠમી વિધાનસભા ૧૯૯૦ થી ૯૫, નવમી વિધાનસભા ૧૯૯૫-૯૭ દરમ્યાન વિધાનસભ્ય રહી ચુકયા છે, જયારે ૧૦મી ગુજરાત વિધાનસભા વર્ષ ૧૯૯૮-૨૦૦૨ દરમિયાન વિધાનસભાની ખાતરી સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને અંદાજ સમિતિના સભ્ય રહી ચૂક્યા છે.

નવમી ગુજરાત વિધાનસભા દરમિયાન ૧૯મી માર્ચ ૧૯૯૫ થી. તા. ૨૦ ઓક્ટોબર ૧૯૯૫ સુધી અને તા. ૨૧મી ઓક્ટોબર ૧૯૯૫થી તા. ૧૮મી સપ્ટેમ્બર ૧૯૯૬ સુધી ગુજરાત સરકારમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના મંત્રી હતા. દસમી ગુજરાત વિધાનસભા વર્ષ ૧૯૯૮-૨૦૦૨ દરમિયાન તા. ૩૧મી માર્ચ ૧૯૯૮થી ગુજરાત સરકારમાં  કૃષિ, નાની અને મધ્યમ સિંચાઇ યોજના વિભાગના મંત્રી તરીકે તથા તા. ૧૬મી મે ૧૯૯૯થી તા. ૭મી ઓક્ટોબર ૨૦૦૧ સુધી નાની અને મધ્યમ સિંચાઇ યોજના વિભાગ અને માર્ગ અને મકાન વિભાગ (પંચાયત હસ્તકના કામો)ના મંત્રી તરીકે તેમજ તા ૭ ઓક્ટોબર ૨૦૦૧થી તા. ૨૨મી ડિસેમ્બર ૨૦૦૨ સુધી નાણા મંત્રી તેમજ મહેસુલ વિભાગનો વધારાનો હવાલો પણ તેમણે સંભાળ્યો હતો.

૧૨મી વિધાનસભા ૨૦૦૭ થી ૨૦૧૨ દરમિયાન રાજ્યના શહેરી વિકાસ, પાણી પુરવઠા અને જળસંપત્તિ વિભાગના મંત્રી હતા. તેમણે તેરમી વિધાનસભામાં વર્ષ-૨૦૧૨થી નાણા, આરોગ્ય, તબીબી શિક્ષણ, પરિવાર કલ્યાણ અને વાહનવ્યવહાર વિભાગનો હવાલો સંભાળ્યો હતો.

જ્યારે વર્ષ-૨૦૧૪થી પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના મંત્રી મંડળમાં તેઓ આરોગ્ય અને માર્ગ મકાન વિભાગના મંત્રીશ્રી તરીકે કાર્યરત હતા.

શ્રી નીતિનભાઇ ઓગસ્ટ-૨૦૧૬થી મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળની સરકારમાં પ્રથમ વખત નાયબ મુખ્યમંત્રી તરીકે ઉમદા સેવાઓ આપી છે.

કડી નગરપાલિકાના પ્રમુખ રહી ચૂકેલા શ્રી પટેલ કડી નગરપાલિકાના વીસ વર્ષ સુધી સભ્ય રહ્યા હતા. અનેકવિધ શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા શ્રી નીતિનભાઇ પટેલ વર્ષ ૨૦૦૨માં ગુજરાત સરકારમાં નાણામંત્રી પદે હતા તે દરમિયાન ભારત સરકારની વેટ ટેક્ષ અમલમાં મૂકવા માટેની એમ્પાવર કમિટિના સભ્ય રહી ચૂક્યા છે. વાંચન-સમાજ સેવાનો શોખ ધરાવતા શ્રી પટેલે નેપાળ - યુ.એસ.એ.નો પ્રવાસ કર્યો છે. તેમના પરિવારમાં પત્ની અને બે પુત્રોનો સમાવેશ થાય છે.

... જિતેન્દ્ર રામી... ...............

ગુજરાત માહિતી બ્યુરો
ગુજરાત સરકાર, ગાંધીનગર

૨૬ ડિસેમ્બર-૨૦૧૭ સ...સં. ૧૭૫૪

આ પ્રેસનોટ www.gujaratinformation.net વેબસાઇટ ઉપર પણ ઉપલબ્ધ છે

## રાજ્યના નવરચિત મંત્રી મંડળના મંત્રીશ્રીઓનો વિશેષ પરિચય

.. .. .. .. .. ..

મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલને આજે સચિવાલય સંકુલ, ગાંધીનગર ખાતે રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલીએ હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રી ઉપરાંત કેબિનેટ કક્ષાના ૮ અને રાજ્ય કક્ષાના ૧૦ મંત્રીશ્રીઓએ પણ પદ અને ગુપ્તતાના શપથ લીધા હતા.

રાજ્યના નવરચિત મંત્રી મંડળના મંત્રીશ્રીઓનો વિશેષ પરિચય આ પ્રમાણે છે.

કેબીનેટ કક્ષાના મંત્રીશ્રીઓ :

### (૧) શ્રી રણછોડભાઇ છનાભાઇ ફળદુ(આર.સી.ફળદુ)

કેબીનેટ મંત્રી તરીકે શપથ લેનારા શ્રી રણછોડભાઇ છનાભાઇ ફળદુ(આર.સી.ફળદુ)નો જન્મ ૭, ઓગસ્ટ-૧૯૫૭ના રોજ જામનગર જિલ્લાના કાલાવાડ ખાતે થયો હતો. તેમણે પ્રિ-સાયન્સ સુધીનો અભ્યાસ કર્યો છે. કૃષિ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા શ્રી ફળદુ દસમી ગુજરાત વિધાનસભા ૧૯૯૮થી ૨૦૦૨, અગિયારમી વિધાનસભા ૨૦૦૨-૨૦૦૭ના સભ્ય તરીકે ચૂંટાયા હતા. ત્યારબાદ તેમણે ભારતીય જનતા પક્ષના પ્રદેશ પ્રમુખ તરીકે પણ જવાબદારી સંભાળી હતી. તેમના પરિવારમાં પત્ની, એક પુત્ર અને બે પુત્રીઓ છે.

### (૨) શ્રી ભૂપેન્દ્રસિંહ મનુભા ચુડાસમા

શ્રી ભૂપેન્દ્રસિંહ મનુભા ચુડાસમા ૫૮-ધોળકા વિધાનસભા મતવિભાગમાંથી ચૂંટાયા છે. તેઓનો જન્મ તા. ૮-૫-૧૯૫૦ના રોજ થયો હતો. તેઓ શિક્ષણ અને વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમના પરિવારમાં પત્ની, એક પુત્ર અને બે પુત્રીઓ છે. શ્રી ચુડાસમાએ બી.એ. (અંગ્રેજી), બી.એડ. (અંગ્રેજી, હિન્દી), એલ.એલ.બી. સુધીનું શિક્ષણ મેળવેલ છે. તેરમી વિધાનસભામાં તેઓ વર્ષ-૨૦૧૨થી શિક્ષણ, કાયદો અને ન્યાય તંત્ર, અન્ન અને નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતો, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો હવાલો સંભાળી રહ્યા હતા. પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના મંત્રી મંડળમાં વર્ષ-૨૦૧૪થી શિક્ષણ તેમજ અન્ન અને નાગિરક પુરવઠા વિભાગની જવાબદારી સંભાળી હતી.

શ્રી ચૂડાસમા ઓગસ્ટ-૨૦૧૬થી મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળની સરકારમાં કેબીનેટકક્ષાના મંત્રી તરીકે તરીકે ઉમદા સેવાઓ આપી છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અગાઉ આઠમી અને નવમી વિધાનસભાના સભ્ય હતા અને ૧૯૯૦ અને ૧૯૯૫ના મંત્રીમંડળમાં તેમજ અગિયારમી વિધાનસભામાં કૃષિ, પશુપાલન મંત્રી તરીકે સેવાઓ આપી હતી. શ્રી ચુડાસમા ભારતીય જનતા પક્ષ અમદાવાદના પ્રમુખ, ૧૯૮૧ થી ૧૯૮૩ ગુજરાત પ્રદેશ યુવા મોરચના પ્રમુખ અને ૧૯૮૪ થી ૧૯૮૬ સુધી ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પક્ષના મંત્રી તરીકે હતા. શ્રી ચુડાસમા સ્વૈચ્છિક અને સેવાભાવી સંસ્થાઓ સાથે જોડાયેલા છે. તેમણે રાજ્ય આયોજન પંચના ઉપાધ્યક્ષ તરીકે પણ સેવાઓ આપી છે. શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ખેતી, વાંચન અને યુવક પ્રવૃત્તિઓમાં વિશેષ અભિરૂચિ ધરાવે છે.

### (૩) શ્રી કૌશિકભાઇ જમનાદાસ પટેલ

તા.૨૦મી સપ્ટેમ્બર ૧૯૫૪ના રોજ અમદાવાદ ખાતે જન્મેલા શ્રી કૌશિકભાઇ જમનાદાસ પટેલ અમદાવાદના નારણપુરા ખાતેથી ૧૪મી વિધાનસભામાં ચૂંટાયા છે. તેઓએ કોમર્સ સાથે સ્નાતકની પદવી મેળવી છે. તેઓ વ્યવસાય ઉપરાંત સમાજસેવા ક્ષેત્રે પણ પોતાનું બહુમૂલ્ય યોગદાન આપે છે. તેમણે રાજકીય કારકિર્દીની શરૂઆત ૧૯૮૭માં અમદાવાદ ખાનપુર વોર્ડના મ્યુનિ.કાઉન્સીલર તરીકે ચૂંટાઇને કરી હતી. ૧૯૯૦માં પ્રથમ વખત શાહપુર વિધાનસભામાં ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા.

૧૯૯૫-૯૬માં બીજી વખત ધારાસભ્ય પદે વિજેતા થયા હતા અને રાજકીય કક્ષાના ઉર્જા અને શહેરી વિકાસ મંત્રી તરીકે સેવાઓ આપી હતી. ત્યારબાદ ૧૯૯૯-૨૦૦૨ દરમિયાન ગુજરાત સરકારમાં ઉર્જા, પેટ્રો કેમીકલ અને આયોજન વિભાગના કેબીનેટ મંત્રી તરીકે તેમજ ૨૦૦૨-૨૦૦૭માં ચોથી વખત ધારાસભ્ય તરીકે ચૂંટાઇને મહેસૂલ, અન્ન નાગરિક પુરવઠા-ગ્રાહક બાબતો વિભાગ, આપત્તિ વ્યવસ્થાપન તરીકે કેબીનેટ મંત્રી રહ્યા હતા. ઉપરાંત તેમણે ૨૦ મુદ્દા કાર્યક્રમ અમલીકરણ સમિતિના રાજ્યના અધ્યક્ષ તરીકે સેવાઓ આપી હતી.

તેમને વાંચન, સમાજસેવા, ક્રિકેટ તેમજ આધ્યાત્મિક પ્રવૃતિઓનો શોખ છે.

## (૪) શ્રી સૌરભભાઇ પટેલ (દલાલ)

શ્રી સૌરભભાઇ પટેલ ૧૦૭- બોટાદ વિધાનસભા મત વિસ્તારમાંથી ચૂંટાયા છે. તેમનો જન્મ તા. ૨૮- ઓગષ્ટ ૧૯૫૮માં થયો છે. વાણિજ્યમાં સ્નાતક થયેલા શ્રી પટેલે યુ.એસ.એ.માંથી એમ.બી.એ.ની પદવી પણ મેળવી છે. તેમનો મુખ્ય વ્યવસાય વેપાર છે. દસમી ગુજરાત વિધાનસભા વર્ષ ૧૯૯૮-૨૦૦૨માં તેઓ ચૂંટાયા હતા. અગિયારમી વિધાનસભા દરમિયાન તા. ૨૨મી ડિસેમ્બર ૨૦૦૨થી રાજ્ય સરકારમાં ઉર્જા, પેટ્રોકેમિકલ્સ, આયોજન અને પ્રોટોકોલ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી તરીકે તેમણે સેવા બજાવી છે. જયારે ૧૨મી વિધાનસભા વર્ષ ૨૦૦૭-૨૦૧૨ દરમિયાન તેઓએ નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ તેમજ ઉદ્યોગ રાજ્ય મંત્રી તરીકે સેવાઓ આપી છે. શ્રી સૌરભભાઇ પટેલ મે-૨૦૧૪થી પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના નેતૃત્વ હેઠળની સરકારમાં કેબીનેટકક્ષાના મંત્રી તરીકે ઉમદા સેવાઓ આપી છે.

શ્રી સૌરભભાઇ પટેલ અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. તેઓ વર્ષ ૧૯૯૯-૨૦૦૨ દરમિયાન ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશનની એડવાઇઝરી સમિતિના સભ્ય તરીકે રહ્યા હતા. તેઓ વર્ષ ૨૦૦૦-૨૦૦૨ દરમિયાન અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘના ઉપાધ્યક્ષ પણ હતા. શ્રી પટેલ વર્ષ ૨૦૦૦-૨૦૦૨ દરમિયાન જી.ઇ.બી. એન્જીનીયર્સ એસોસીએશનના અધ્યક્ષ પણ હતા. તેઓ વર્ષ ૧૯૯૮-૨૦૦૨ દરમિયાન વિધાનસભાની વહિવટી સુધારણા સમિતિ તેમજ સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અમલીકરણ સમિતિના અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે. રમત ગમત અને તરણનો શોખ ધરાવતા શ્રી પટેલે અમેરીકા, યુરોપ અને આફ્રિકાનો વિદેશ પ્રવાસ પણ ખેડયો છે. તેમના પરિવારમાં પત્નિ અને એક પુત્ર છે.

## (૫) શ્રી ગણપતભાઇ વેસ્તાભાઇ વસાવા

શ્રી ગણપતભાઇ વેસ્તાભાઇ વસાવા દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના માંગરોળ વિધાનસભા મત ક્ષેત્રમાંથી ચૂંટાયા છે. તેઓશ્રી સને ૨૦૦૨થી ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય તરીકે ઉમદા સેવાઓ આપી રહ્યા છે. શ્રી ગણપતભાઇ વસાવાએ ગુજરાત વિધાનસભાના ૧૬માં અધ્યક્ષ બની આદિજાતિ સમાજના પ્રથમ અધ્યક્ષ બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. ૧૩મી વિધાનસભામાં તેઓ વર્ષ-૨૦૧૨થી વન અને પર્યાવરણ, આદિજાતિ વિકાસ, મહિલા અને બાળ કલ્યાણ, વૈદ્યાનિક અને સંસદીય બાબતો વિભાગનો હવાલો સંભાળ્યો હતો. જ્યારે પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના કાર્યકાળ દરમિયાન તેઓ વિધાનસભાના અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળી રહ્યા હતા. શ્રી વસાવા ઓગસ્ટ-૨૦૧૬થી મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળની સરકારમાં કેબીનેટકક્ષાના મંત્રી તરીકે ઉમદા સેવાઓ આપી છે.

શ્રી ગણપતભાઇ વસાવા અનુસ્નાતકની ડિગ્રી ધરાવે છે. સને ૧૯૭૧ના જૂન મહિનાની ૧લી તારીખે જન્મેલા શ્રી વસાવા સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના વાડી ગામના વતની છે અને વનવાસી ક્ષેત્રમાં આદિવાસીઓના સર્વાંગીણ ઉત્કર્ષ અને કલ્યાણની અનેકવિધ પ્રવૃત્તિઓના પ્રેરક અને સંસ્થાપક તરીકે યશસ્વી કારકિર્દી ધરાવે છે. સતત ત્રણ ટર્મથી વિધાનસભા સભ્ય તરીકે કાર્યરત રહેલા શ્રી ગણપતભાઇ વસાવાએ છેલ્લી બે ટર્મથી ગુજરાત વિધાનસભા અનુસૂચિત જનજાતિઓના કલ્યાણ સહિતની વિવિધ સમિતિના અધ્યક્ષ તરીકે યશસ્વી યોગદાન આપ્યું છે.

જેમાં વિધાનસભા વન વિભાગ અને આદિજાતિ વિભાગ પરામર્શ સમિતિ, વિધાનસભા વન અધિકાર સમિતિ, વિધાનસભા સદસ્ય નિવાસ સમિતિ, ગૌણ વિધાન સમિતિ, જાહેર સાહસોની સમિતિ અને ગૃહના મેજ ઉપર મૂકવાના કાગળો અંગેની સમિતિના સભ્ય તરીકે તેઓ કાર્યરત રહ્યાં છે. શ્રી ગણપતભાઇ વસાવાએ વનબંધુ કલ્યાણ યોજનાની રાજ્ય કક્ષાની સમીક્ષા અને સલાહકાર સમિતિના સભ્ય, ગુજરાત રાજ્ય વનવિકાસ નિગમના પૂર્વ ડિરેકટર તરીકે સેવાઓ આપી છે. સમાજ સેવા, પુસ્તક પ્રીતિ અને રમત-ગમતના ક્ષેત્રે વિશેષ રૂચી ધરાવતા શ્રી ગણપતભાઇ વસાવા સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓ અને આદિવાસી ઉત્કર્ષ અભિયાનોના પ્રણેતા અને સક્રિય આગેવાન રહ્યા છે. તેઓશ્રી સહારા માનવ કલ્યાણ ટ્રસ્ટ, વાડી, ઉમરપાડા તાલુકાના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે, વનવાસી સમાજના યુવાપેઢી માટે રમત-ગમત કૌશલ્યની સ્પર્ધાઓ યોજે છે. આ ઉપરાંત વનવાસી ક્ષેત્રમાં, આ ટ્રસ્ટના ઉપક્રમે ગૌસેવા અને ગૌદાન, પશુ સારવાર શિબિરો, વિકલાંગ સેવા સહાય, ગરીબ અને વનબંધુ પરિવારો માટે અન્નદાન અને વસ્ત્રદાન, કુદરતી આફતો સમયે અસરગ્રસ્તો માટે રાહત કાર્યો તથા સંત-મેળાવડા યોજીને આદિવાસીઓમાં વ્યસનમૂકિત ઝુંબેશ કરતા રહ્યાં છે.

## (૬) શ્રી જયેશકુમાર વિઠ્ઠલભાઈ રાદડિયા

શ્રી જયેશકુમાર વિઠ્ઠલભાઈ રાદડીયા ૭૪-જેતપુર મતવિસ્તારમાંથી ચૂંટાયા છે. ૧૨મી ગુજરાત વિધાનસભા ૨૦૦૯-૧૨ (પેટાચૂંટણી) વિધાનસભા સભ્ય તરીકે રહી ચૂકયા છે તથા તેરમી ગુજરાત વિધાનસભા (૨૦૧૨-૧૭)માં ચૂંટાયા છે. વેપાર અને સમાજસેવા સાથે સંકળાયેલા શ્રી જયેશભાઈ રાદડિયા શ્રી વ્રજવલ્લભ સોશિયલ ગ્રૃપ, જામકંડોરણા અને સ્વ. નંદુબહેન હંસરાજભાઈ રાદડિયા ચેરીટેબલ ટ્રસ્ટ, જામકંડોરણા પ્રમુખ તરીકે સેવાઓ આપી છે. તેઓએ બી.ઇ. (સિવિલ) સુધીનો અભ્યાસ કરેલ છે. તેરમી વિધાનસભામાં તેઓ વર્ષ-૨૦૧૩થી પ્રવાસન અને નાગરિક ઉડ્ડયન વિભાગનો રાજ્ય મંત્રી તરીકેનો હવાલો સંભાળ્યો હતો.

વર્ષ ૨૦૧૪થી પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના મંત્રી મંડળમાં પ્રવાસન અને પાણી પુરવઠા વિભાગના રાજ્યમંત્રી તરીકે હોદ્દો સંભાળ્યો હતો. શ્રી જયેશભાઇએ ઓગસ્ટ-૨૦૧૬થી મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળની સરકારમાં કેબીનેટ મંત્રી તરીકે ઉમદા સેવાઓ આપી છે.

તા. ૨૦મી ડિસેમ્બર, ૧૯૮૧માં જામકંડોરણા, જિ. રાજકોટ ખાતે જન્મેલા શ્રી જયેશકુમાર રાદડિયા ક્રિકેટનો શોખ ધરાવે છે. તેમણે થાઇલેન્ડ, મલેશિયા અને સિંગાપોરનો પ્રવાસ કરેલ છે.

## (૭) શ્રી દિલીપકુમાર વીરાજીભાઇ ઠાકોર

શ્રી દિલીપકુમાર વીરાજીભાઈ ઠાકોર ૧૭-ચાણસ્મા મત વિભાગમાંથી ચૂંટાયા છે. તેમનો જન્મ ૧લી જૂન, ૧૯૫૯ના રોજ થયો છે. તેઓ ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા છે.

શ્રી ઠાકોરે આઠમી ગુજરાત વિધાનસભા ૧૯૯૦-૯૫, દશમી ગુજરાત વિધાનસભા ૧૯૯૮-૨૦૦૨ અને અગિયારમી ગુજરાત વિધાનસભા ૨૦૦૨-૦૭ દરમ્યાન ધારાસભ્ય તરીકે સેવાઓ આપી છે. તેઓ ૧૭ ઓકટોબર, ૨૦૦૧થી તા. ૨૨મી ડિસેમ્બર, ૨૦૦૨ સુધી ગુજરાત સરકારમાં નશાબંધી અને આબકારી વિભાગના રાજ્યકક્ષાના મંત્રી હતા. તા. ૨૨મી ડિસેમ્બર, ૨૦૦૨થી ૩૧મી જુલાઇ, ૨૦૦૫ સુધી પશુપાલન અને મત્સ્યોધોગ વિભાગ તથા તા. ૧લી ઓગસ્ટ, ૨૦૦૫થી ૨૪મી ડિસેમ્બર, ૨૦૦૭ સુધી કૃષિ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી તરીકે સેવાઓ આપી છે.

૧૩મી વિધાનસભામાં તેઓ વર્ષ-૨૦૧૩થી પશુપાલન, મત્સ્યોધોગ, ગૌ સંવર્ધન, છાપકામ અને લેખન સામગ્રી વિભાગનો રાજ્ય મંત્રી તરીકેનો હવાલો સંભાળ્યો હતો. પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના મંત્રી મંડળમાં વર્ષ- ૨૦૧૪થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ, શ્રમ અને રોજગાર વિભાગના રાજ્યમંત્રી તરીકેની જવાબદારી તેઓ સંભાળતા હતા. શ્રી દિલીપભાઇ ઓગસ્ટ-૨૦૧૬થી મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળની સરકારમાં કેબીનેટ મંત્રી તરીકે ઉમદા સેવાઓ આપી છે.

## (૮) શ્રી ઇશ્વરભાઇ રમણભાઇ પરમાર

શ્રી ઇશ્વરભાઇ (અનીલ) રમણભાઇ પરમાર ૧૬૯, બારડોલ (અ.જા.) મત વિભાગમાંથી ચૂંટાયા છે. તેઓનો જન્મ ૧લી માર્ચ ૧૯૭૧ના રોજ મુ.બાબલા, તા.બારડોલી, જિ.સુરત મુકામે થયો હતો. તેઓએ ધોરણ-૧૨(કોમર્સ) સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓનો વ્યવસાય ખેતી અને વેપાર છે. તેઓ બારડોલી તાલુકા માહ્યાવંશી સમાજ અને અનુસૂચિત જાતિ મોરચો બારડોલી તાલુકા ભારતીય જનતા પક્ષના પ્રમુખ તરીકે; બારડોલી તાલુકા પંચાયતની કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે તેમજ સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં રસ ધરાવતી વ્યક્તિ છે. તેઓના શોખમાં વાંચન, ક્રિકેટ, આરોગ્ય, શિક્ષણ જેવી સેવાકીય પ્રવૃત્તિઓ છે.

શ્રી ઇશ્વરભાઇ ઓગસ્ટ-૨૦૧૬થી મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળની સરકારમાં રાજ્યકક્ષાના મંત્રી તરીકે ઉમદા સેવાઓ આપી છે.

### રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ :

## (૧) શ્રી પ્રદીપસિંહ ભગવતસિંહ જાડેજા

શ્રી પ્રદીપસિંહ ભગવતસિંહ જાડેજા ૪૩-વટવા વિધાનસભા મતક્ષેત્રમાંથી ચૂંટાયા છે. શ્રી જાડેજા રસાયણશાસ્ત્રના વિષય સાથે વિજ્ઞાન પ્રવાહમાં સ્નાતક થયા છે. કેમીકલ કન્સલ્ટન્સીના વ્યવસાય સાથે સંકળાયેલા શ્રી જાડેજા અગિયારમી ગુજરાત વિધાનસભામાં વર્ષ ૨૦૦૨-૨૦૦૭ દરમિયાન ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખ રહ્યા હતા.

બારમી વિધાનસભામાં વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૨ દરમિયાન તેઓ કાયદો અને ન્યાયતંત્ર તેમજ વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્ય મંત્રી તરીકે પ્રવૃત્ત રહ્યા હતા. ૧૩મી વિધાનસભામાં તેમણે વર્ષ-૨૦૧૨થી કાયદો અને ન્યાય તંત્ર, વૈધાનિક અને સંસદિય બાબતો, દેવસ્થાન, યાત્રાધામ વિકાસ બિનનિવાસી ગુજરાતી પ્રભાગ અને પ્રોટોકોલ વિભાગનો રાજ્ય મંત્રી તરીકેનો હવાલો સંભાળ્યો હતો. જ્યારે પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની સરકારના વર્ષ-૨૦૧૪થી કાયદો અને ન્યાય તંત્ર, વૈધાનિક અને સંસદિય બાબતો, દેવસ્થાન, યાત્રાધામ વિકાસ બિનનિવાસી ગુજરાતી પ્રભાગ અને પ્રોટોકોલ વિભાગનો રાજ્ય મંત્રી તરીકે જવાબદારી સંભાળી હતી.

શ્રી પ્રદિપસિંહ ઓગસ્ટ-૨૦૧૬થી મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળની સરકારમાં રાજ્યકક્ષાના મંત્રી તરીકે ઉમદા સેવાઓ આપી છે. તેઓ અમદાવાદ મહાનગરપાલિકામાં કોર્પોરેટર પણ રહી ચૂકયા છે. ક્રિકેટની રમતનો શોખ ધરાવતા શ્રી જાડેજાએ અમેરિકા અને યુરોપના દેશોનો પ્રવાસ ખેડયો છે. તેમના પરિવારમાં પત્ની અને પુત્ર છે.

## (૨) શ્રી પરબતભાઇ સવાભાઇ પટેલ

શ્રી પરબતભાઇ પટેલ ૮-થરાદ વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયા છે. તેમનો જન્મ તા. ૪ સપ્ટેમ્બર, ૧૯૪૮ના રોજ થયો છે. તેમણે બી. એ. એલ. એલ. બી.નો અભ્યાસ કર્યો છે. સમાજસેવા સાથે સંકળાયેલા શ્રી પરબતભાઇ પટેલ વર્ષ ૧૯૮૫ અને વર્ષ ૧૯૯૫માં ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. શ્રી પટેલ રાજ્યકક્ષાના નાણાં મંત્રી તરીકે પણ સેવાઓ આપી ચૂકયા છે. બારમી વિધાનસભા વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૨ દરમિયાન તેઓ આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પાણી પુરવઠો અને સહકાર વિભાગના રાજ્ય મંત્રી હતા. તેઓ બનાસડેરી તથા બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ડિરેક્ટર તરીકે પણ સેવાઓ આપી રહ્યા છે. તેઓ વાવ-થરાદ આંજણા પટેલ કેળવણી મંડળના પ્રમુખ પણ છે.

## (૩) શ્રી પરષોત્તમભાઇ ઓધવજીભાઇ સોલંકી

શ્રી પરષોત્તમભાઇ સોલંકી ૧૦૩-ભાવનગર (ગ્રામ્ય) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયા છે. ઇલેક્ટ્રિક એન્જીનીયરીંગનો ડિપ્લોમા ધરાવતા શ્રી સોલંકીનો જન્મ તા. ૨૩મી મે, ૧૯૬૧ના રોજ થયો છે. બાંધકામ ક્ષેત્રે પ્રવૃત્ત શ્રી સોલંકી દસમી વિધાનસભામાં ચૂંટાયા બાદ તા. ૧૩મી માર્ચ ૧૯૯૮થી ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના નાયબ મંત્રી રહી ચૂક્યા છે. તેઓ અગિયારમી વિધાનસભામાં ઓગષ્ટ ૨૦૦૫થી  પશુપાલન, મત્સ્યોઘોગ અને ગૌ સંવર્ધન વિભાગના રાજ્ય કક્ષાના પ્રધાન પણ રહી ચૂક્યા છે. બારમી વિધાનસભામાં શ્રી સોલંકી પશુપાલન, મત્સ્યોઘોગ અને ગૌસંવર્ધન વિભાગના રાજ્ય મંત્રી હતા. શ્રી પરષોત્તમભાઇ ઓગસ્ટ-૨૦૧૬થી મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળની સરકારમાં રાજ્ય મંત્રી તરીકે ઉમદા સેવાઓ આપી છે.

વર્ષ ૧૯૯૨માં અંધેરી મુંબઇના નગર સેવક રહી ચૂકેલાં શ્રી સોલંકી  અંધેરી મુંબઇ ખાતે સ્પે. એક્ઝીક્યુટીવ ઓફિસર પણ રહી ચૂક્યા છે. શ્રી સોલંકી ગુજરાત યુવા કોળી સમાજ, બોડી બિલ્ડીંગ એસોસીએશન, બચુભાઇ કાંમડ ચેરીટેબલ ટ્રસ્ટ, ઓધવજી રામજી ચેરીટેબલ ટ્રસ્ટ વગેરે સંસ્થાઓના પ્રમુખ તરીકે સક્રિય રહયા છે. રમતગમત, સંગીત અને સામાજિક પ્રવૃત્તિનો શોખ ધરાવતા શ્રી સોલંકીએ ઇંગ્લેન્ડ, સ્વિટઝર્લેન્ડ, વિયેટનામ, દુબઇ, સિંગાપોર, ફ્રાંસ વગેરે દેશોનો પ્રવાસ પણ ખેડયો છે. તેઓના પરિવારમાં પત્નિ બે પુત્ર અને ત્રણ પુત્રી છે.

## (૪)  શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ ૧૩૪-દેવગઢ બારીયા વિધાનસભા મત વિસ્તારમાંથી ચૂંટાયા છે. તા.૧લી એપ્રિલ-૧૯૫૫માં ધાનપુર તાલુકાના પીપેરો ગામે તેમનો જન્મ થયો. તેઓ ખેતી અને વેપારના વ્યવસાય સાથે સંકળાયેલા છે.  એસ.વાય.બી.એ. સુધીનો અભ્યાસ કરેલો છે. શ્રી ખાબડે ૧૧મી ગુજરાત વિધાનસભાના(૨૦૦૨ થી ૨૦૦૭) સભ્ય તરીકે સેવાઓ આપેલ છે. ૧૩મી વિધાનસભામાં વર્ષ-૨૦૧૪થી પૂર્વ મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના મંત્રી મંડળમાં મત્સ્યોદ્યોગ, વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી હતા. શ્રી બચુભાઇ ઓગસ્ટ-૨૦૧૬થી મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળની સરકારમાં રાજ્ય મંત્રી તરીકે ઉમદા સેવાઓ આપી છે.

પીપેરો બીનસરકારી સંસ્થાના મંત્રી, જાગણી અભિયાન ટ્રસ્ટ- વડોદરા, પેપેરો દુધ મંડળીના ઉપપ્રમુખ તરીકે કોળી સમાજ ટ્રસ્ટના સભ્ય તરીકે જિલ્લા પુરવઠા સલાહકાર બોર્ડ અને ટી.એસ.પી.બોર્ડ દાહોદના સભ્ય તરીકે સેવાઓ આપી છે. અનેક શૈક્ષણિક ધાર્મિક અને સામાજિક સંસ્થાઓમાં સેવાઓ આપી રહેલા છે. સમાજ સેવા શિક્ષણ અને વાંચન તથા ધાર્મિક પ્રવૃત્તિ તેમના રસના વિષયો છે. પરિવારમાં પત્ની બે પુત્ર અને પુત્રી છે.

## (૫) શ્રી જયદ્રથસિંહજી ચંદ્રસિંહજી પરમાર

શ્રી જયદ્રથસિંહજી ચંદ્રસિંહજી પરમાર ૧૨૮-હાલોલ વિધાનસભા મતક્ષેત્રમાંથી ચૂંટાયા છે. શ્રી જયદ્રથસિંહજી પરમારે બી.કોમ., ડી.ટી.પી., ડી.એલ.પી., એલ.એલ.બી., એલ.એલ.એમ. પાર્ટ-૧ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યો છે. ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા શ્રી પરમાર અગિયારમી ગુજરાત વિધાનસભા વર્ષ ૨૦૦૨-૨૦૦૭, બારમી વિધાનસભા ૨૦૦૭-૨૦૧૨ સુધી સભ્ય તરીકે તેમજ ફેબ્રુઆરી-૨૦૧૧ થી ૨૫મી ડિસેમ્બર, ૨૦૧૨ સુધી રાજ્યકક્ષાના માર્ગ અને મકાન વિભાગના મંત્રી તરીકે સેવાઓ આપેલી છે. ૧૩મી વિધાનસભામાં તેઓ વર્ષ-૨૦૧૩થી માર્ગ અને મકાન વિભાગનો રાજ્ય મંત્રી તરીકેનો હવાલો સંભાળ્યો હતો. જ્યારે પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેનના મંત્રી મંડળમાં તેમણે વર્ષ-૨૦૧૪થી માર્ગ મકાન વિભાગની રાજ્યકક્ષાની જવાબદારી સંભાળી હતી. શ્રી જયદ્રથસિંહજી ઓગસ્ટ-૨૦૧૬થી મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળની સરકારમાં રાજ્ય મંત્રી તરીકે ઉમદા સેવાઓ આપી છે.

શ્રી પરમાર એમ.એસ. યુનિવર્સિટીમાં ફેકલ્ટી ઓફ કોમર્સમાં ફેકલ્ટી પ્રતિનિધિ, પંચમહાલ જિલ્લા સહકારી સંઘ, ગોધરામાં ડિરેકટર, હાલોલ તાલુકા પંચાયતના સભ્ય અને કારોબારી સમિતિના પ્રમુખ તરીકે સેવાઓ આપી છે. શ્રી પરમાર ક્રિકેટ, વાંચન એ સેવાકીય પ્રવૃત્તિઓનો શોખ ધરાવે છે. ૧૩મી વિધાનસભામાં ચૂંટાયેલા શ્રી જયદ્રથસિંહજી પરમારનો જન્મ તા. ૨૫ જુલાઇ, ૧૯૬૪ના રોજ વડોદરા ખાતે થયો હતો.

## (૬)  શ્રી ઇશ્વરસિંહ ઠાકોરભાઇ પટેલ

શ્રી ઇશ્વરસિંહ ઠાકોરભાઇ પટેલનો જન્મ તા. ૨૫મી જૂન, ૧૯૬૫ના રોજ ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકાના કુડાદરા ગામે થયો હતો. તેઓએ બી.એ., એલ.એલ.બી. (જનરલ) સુધીનો અભ્યાસ કર્યો છે.

શ્રી પટેલ ૧૧મી વિધાનસભા વિધાનસભા ૨૦૦૨-૦૭ તથા ૧૨મી વિધાનસભા  ૨૦૦૭-૧૨માં વિધાનસભ્ય તરીકે ચૂંટાયા હતા. તેમણે જાહેર સાહસો માટેની સમિતિ, પંચાયતી રાજ સમિતિના સભ્ય તરીકે તેમજ રજી ફેબ્રુઆરી, ૨૦૧૧થી પચ્ચસમી ડિસેમ્બર-૨૦૧૨ સુધી સહકાર, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના રાજ્યકક્ષાના મંત્રી તરીકે સેવાઓ પ્રદાન કરી હતી. શ્રી ઇશ્વરસિંહ ઓગસ્ટ-૨૦૧૬થી મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વ હેઠળની સરકારમાં રાજ્ય મંત્રી તરીકે ઉમદા સેવાઓ આપી છે.

તેમણે ખેડૂત ખાંડ સહકારી મંડળી, પાંડુકેશ્વર સેવા ટ્રસ્ટ, ભુવનેશ્વરી દૂધ ઉત્પાદક મંડળી, ગુજરાત રાજ્ય સહકારી ખાંડ મંડળી, ભરૂચ જિલ્લા તળપદા કોળી સમાજ એજ્યુકેશન ટ્રસ્ટ, ગુજરાત રાજ્ય સહકારી કાઉન્સિલ, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ હાંસોટ તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સેનેટ સભ્ય, ભરૂચ જિલ્લા ભારતીય જનતા પક્ષના પૂર્વ પ્રમુખ, વિશ્વ હિન્દુ પરિષદ, હાંસોટ પ્રખંડના ઉપપ્રમુખ તરીકેની પ્રવૃત્તિઓ કરી હતી.

શ્રી પટેલના પરિવારમાં પત્ની તથા એક પુત્ર તથા બે પુત્રીઓ છે.

## (૭) શ્રી વાસણભાઇ ગોપાલભાઇ આહિર

શ્રી વાસણભાઇ ગોપાલભાઇ આહિર, ૦૪-અંજાર મત વિભાગમાંથી ચૂંટાયા છે. તા.૩૦મી જુલાઇ-૧૯૫૮ના રોજ અંજાર ખાતે જન્મેલા શ્રી આહિરે ધોરણ-૭ સુધીનો અભ્યાસ કર્યો છે. ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા તેઓ ૧૯૯૫-૯૭ નવમી ગુજરાત વિધાનસભામાં સભ્ય, ૧૯૯૮-૨૦૦૨માં દસમી ગુજરાત વિધાનસભામાં સભ્ય, ૨૦૦૭-૨૦૧૨ બારમી ગુજરાત વિધાનસભામાં સામાજિક તથા શૈક્ષણિક રીતે પછાતવર્ગના કલ્યાણ વિભાગમાં રાજ્યકક્ષાના મંત્રી તરીકે તથા તેરમી ગુજરાત વિધાનસભા વર્ષ-૨૦૧૨-૨૦૧૭માં પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ તેમજ શ્રી વિજયભાઇ રૂપાણીની સરકારમાં સંસદીય સચિવ તરીકે કાર્યરત હતા.

અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશનમાં પ્રમુખ, અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘમાં ત્રણ ટર્મથી કાર્યકારી પ્રમુખ, ખેત ઉત્પન્ન બજાર સમિત-અંજારમાં ડિરેકટર તરીકે સેવાઓ આપી છે. તેમને ઘોડેસવારી, ભજનો તથા ગાયનોનો શોખ છે. તેમણે મસ્કત અને દુબઇનો વિદેશ પ્રવાસ પણ ખેડ્યો છે.

## (૮) શ્રીમતી વિભાવરીબેન વિજયભાઇ દવે

શ્રીમતી વિભાવરીબેન વિજયભાઇ દવે, ૧૦૪-ભાવનગર(પૂર્વ) મત વિભાગમાંથી ચૂંટાયેલા છે. ૯મી જાન્યુઆરી-૧૯૫૯ના રોજ લીલીયા ખાતે જન્મેલા શ્રીમતી દવેએ એમ.કોમ., ડી.સી.એ., સી.સી.એ.પી.(યુ.કે.) ડી.સી.ઓ.(ઇગ્નુ)નો અભ્યાસ કરેલો છે. તેમનું વ્યવસાયક્ષેત્ર સમાજસેવા છે. તેમની સંસદીય કારિકર્દીની શરૂઆત બારમી વિધાનસભા ૨૦૦૭-૨૦૧૨ દરમિયાન થઇ હતી. હાલ તેરમી વિધાનસભામાં વર્ષ-૨૦૧૨થી ધારાસભ્ય તરીકે ઉમદા સેવાઓ આપી રહ્યા છે. શ્રીમતી વિભાવરીબેન ઓગસ્ટ-૨૦૧૬થી શ્રી વિજયભાઇ રૂપાણીની સરકારમાં સંસદીય સચિવ તરીકે કાર્યરત હતા.

તેઓ ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પ્રથમ મહિલા ડેપ્યુટી મેયર/મેયર અને સભ્ય તરીકે સેવાઓ આપી છે. સીનિયર સીટીઝન માટે કાર્યરત સંસ્થાના નેજા હેઠળ વિવિધ કાર્યક્રમો દ્વારા તેઓ સતત કાર્યરત રહે છે. તેમણે રાજ્યપાલશ્રીનો એવોર્ડ મેળવ્યો છે, તથા પર્યાવરણ ક્ષેત્રે કાર્ય કરવા બદલ ગુજરાત સરકાર દ્વારા ગ્રીન એમ્બેસેડર પણ જાહેર કરાયા હતા. તેમને તત્વજ્ઞાન, જીવન મૂલ્યોને લગતા પુસ્તકોનું વાંચન, ગઝલ, કવિસંમેલનો સાંભળવાનો શોખ છે. તેમણે ફિલીપાઇન્સનો વિદેશ પ્રવાસ પણ ખેડ્યો છે.

## (૯) શ્રી રમણલાલ નાનુભાઇ પાટકર

શ્રી પાટકર રમણલાલ નાનુભાઇ ૧૮૨, ઉમરગામ (અ.જ.જા.) મત વિભાગ માંથી ચૂંટાયા છે. તેઓનો જન્મ તા.૧લી જૂન ૧૯૫૨ના રોજ ધોડીપાડા, તા. ઉમરગામ, જિ. વલસાડ મુકામે થયો હતો. તેઓએ ધોરણ-૯ સુધીનો અભ્યાસ કરેલો છે. તેઓનો વ્યવસાય ખેતી છે. તેઓ નવમી, દસમી, બારમી અને તેમની વિધાનસભાના સભ્ય હતા.

શ્રી પાટકર ઉમરગામ તાલુકા વારલી સમાજના મંત્રી, ઉમરગામ તાલુકા આદિવાસી મોરચો ભારતીય જનતા પક્ષના ઉપ-પ્રમુખ તરીકે; વલસાડ જિલ્લા ભારતીય જનતા પક્ષનામંત્રી, જે.એન.સી. હાઇસ્કૂલ ટ્રસ્ટ -મરોલી, શ્રી વિવેકાનંદ હાઇસ્કૂલ ટ્રસ્ટ-માણેકપોરના પ્રમુખ, ભારતીય જનતા પક્ષના પ્રદેશ ડેલીગેટ, ઉમરગામ તાલુકા જનતાદળના પૂર્વ પ્રમુખ, સરીગામ વિભાગ આદિવાસી ગ્રામોદ્યોગ સહકારી મંડળી લિના પૂર્વ વહીવટદાર, તાલુકા તેમજ જિલ્લા પંચાયતના સભ્યપદે; ઝારોલી આદિવાસી ટ્રસ્ટની હાઇસ્કૂલના ટ્રસ્ટી, દમણગંગા સુગર ફેકટરીના ચેરમેન તેમજ ઉમરગામ તાલુકા જનતાદળના પૂર્વ મંત્રી અને પૂર્વ પ્રમુખ તરીકેની કારકિર્દી ધરાવે છે. તેઓ વાંચનનો શોખ ધરાવે છે.

..............................

## (૧૦) શ્રી કિશોરભાઇ સવાભાઇ કાનાણી (કુમાર)

શ્રી કિશોરભાઇ સવાભાઇ કાનાણી(કુમાર) ૧૬૧ વરાછા રોડ મત વિભાગ (સુરત શહેર) વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેમનો જન્મ ૧લી ડિસેમ્બર- ૧૯૬૨ના રોજ જૂના સાવર (અમરેલી) ખાતે થયો છે. તેમનો મુખ્ય વ્યવસાય ટેક્ષટાઇલ્સનો છે. તેઓ ભૂતકાળમાં સુરત મહાનગરપાલિકાના મેયર હતા. તેઓ ૧૩મી વિધાનસભાના પણ સભ્ય હતા. તેમને વાંચનનો શોખ છે.

... જિતેન્દ્ર રામી... ...............